# Government Arts College,Kaparada
# સરકારી વિનયન કોલેજ, કપરાડા.

મુ.પો.-કપરાડા નિશાળફળિયા, પાણીની ટાંકી પાસે તા.-કપરાડા જી.-વલસાડ, પિનકોડનં.-૩૯૬૦૬૭

સ્થાપનાવર્ષ:૨૦૧૨ઇ-મેઇલ : gackaparada@gmail.com, URL:www.kapradacollege.org


GACK/2024/ NSS / 193 DATE: 14 /10/2024

સરકારી વિનયન કોલેજ કપરાડા., જી.વલસાડ. આવક નં. 193 તારીખ 14/10/2024

## "વિકાસ સપ્તાહની ઉજવણીનો સંયુક્ત કાર્યક્રમ અહેવાલ"

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગર ના પત્ર ક્રમાંક : ઉશિક/પીઆરઓ/૨૦૨૪ /૧૩૬૯ તારીખ.૦૭ /૧૦ /૨૦૨૪ અન્વયે અત્રેની સરકારી વિનયન કોલેજ, કપરાડા ખાતે એન.એસ.એસ. દ્વારા આજ રોજ તારીખ ૦૮/૧૦/૨૦૨૪ સોમવાર નાં રોજ વિકાસ સપ્તાહ ની ઉજવણી અંતર્ગત "વિકાસ પ્રતિજ્ઞાનો કાર્યક્રમ યોજાયેલ જેમાં ૧૮૭ વિદ્યાર્થી ભાઈ -બહેનો અને ૧૩ અધ્યાપક/ કર્મચારીગણે ભેગા મળીને શપથ લીધા હતા .

તારીખ .૧૦/૧૦/૨૦૨૪ ગુરુવાર ના રોજ વિકાસ સપ્તાહ ની ઉજવણી અંતર્ગત "ભીંત ચિત્રો સ્પર્ધા યોજાયેલ જેમાં ૦૭ વિદ્યાર્થી ભાઈ -બહેનો એ ભાગ લીધેલ .જેમાં સ્પર્ધાનાં અંતે પ્રથમ ક્રમે વિજેતા- ટી.વાય .બીએ ની વિદ્યાર્થીની ગોનીયા અલકાબેન દેવરામ ભાઈ . દ્વીતિય ક્રમે વિજેતા.એસ .વાય .બીએ ના વિદ્યાર્થી કામડી સુરજભાઈ મનુભાઈ અને તૃતીય ક્રમે વિજેતા .એફ .વાય .બીએ ના વિદ્યાર્થી દળવી હરેશભાઈ તુકારામ ભાઈ રહ્યા હતા . નિર્ણાયક તરીકે અધ્યાપક ડો.વિરેન્દ્રભાઈ આર. વસાવા અને અધ્યાપિકા કિન્નરી એ પટેલ એ ભૂમિકા ભજવી હતી .

તારીખ .૧૧/૧૦/૨૦૨૪ શુક્રવાર ના રોજ વિકાસ સપ્તાહ અંતર્ગત નિબંધ સ્પર્ધા યોજાયેલ જેમાં ૦૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.જેમાં સ્પર્ધાના અંતે પ્રથમ ક્રમે એફ .વાય .બીએની વિદ્યાર્થીની મોરે રિદ્ધિ બેન મનુભાઈ. દ્વીતિય ક્રમે ટી .વાય .બીએ ની વિદ્યાર્થીની ગાંવિત કલ્પનાબેન ભાવુરામભાઈ અને તૃતીય ક્રમે એસ .વાય .બીએ ના વિદ્યાર્થી ચૌધરી

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

જિગ્નેશભાઈ આબુભાઈ વિજેતા રહ્યા હતા. નિર્ણાયક તરીકે અધ્યાપિકા ચવધરી ચંદનબેન અજયભાઈએ ભૂમિકા ભજવી હતી .

તારીખ .૧૪/૧૦/૨૦૨૪ સોમવારના રોજ વિકાસ સપ્તાહ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા યોજાયેલ જેમાં ૦૪ વિદ્યાર્થી ભાઈ -બહેનો એ ભાગ લીધેલ. સ્પર્ધાનો વિષય ''મારા સ્વપ્નનું વિકસિત ગુજરાત રાખવામાં આવેલ જેમાં પ્રથમ ક્રમે એસ.વાય .બી એ .ની વિદ્યાર્થિની રાજપુરોહિત પુનમબેન રઘુનાથસિહ , દ્વીતિય ક્રમે એફ.વાય.બીએ ની વિદ્યાર્થિની મોરે રિદ્ધિબેન મનુભાઈ અને તૃતીય ક્રમે એસ.વાય.બીએના વિદ્યાર્થી કામડી સુરજ ભાઈ મનુભાઈ વિજેતા રહ્યા હતા. નિર્ણાયક તરીકેની ભૂમિકા અધ્યાપિકા ચવધરી ચંદનબેન અજયભાઈ ભજવેલ .અંતે સંસ્થાના આચાર્યશ્રી ડો .ડી .એન .દેવરી સાહેબ એ સર્વ સ્પર્ધક વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી સતત આગળ વધવા અને નવું નવું શીખવા પ્રોત્સાહન પૂરું પાડેલ. આ કાર્યક્રમમાં ૧૩ વિદ્યાર્થીઓ અને ૦૮ કર્મચારીગણ મળી કુલ ૨૧ હાજર રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના આચાર્યશ્રી ડૉ.ડી.એન.દેવરી સાહેબના માર્ગદર્શન હેઠળ અને રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર શ્રી અનિષભાઈ સી. ગામીત સાહેબએ તેમજ સર્વ અધ્યાપકોના સહયોગ દ્વારા કરવામાં આવેલ.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.